સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

સલામી સવારની..

હાથ મિલાવ્યા એટલે સંબંધ બંધાઇ ગયા?
દુશ્મની કરે છતાં ય સંબંધ સંધાઇ ગયા?
નોંધાઇ યા 'ગિનીસ'માં છ માસમાં પ્રવાસો -
સંઘના રસોડે છાંનાં સન્માનો રંધાઇ ગયાં..

હાઇકુ

લ્યો! થઇ ગઇ!
ઉંઘ માં ને ઉંઘમાં -
મુદત પુરી!
(એક સિંહા નિવૃત્ત)

'રામ'નું નામ!
- બોલશે ને 'પોપટ'!!
થૈ ચકાસણી..
(બીજા સિંહા પાંજરે)

ચિંતન

સ્વ રસેન બધ્નતાં કરમા દાને કંટકો ત્કરૈંસ્તુદતામ્ ।
પશુ નાનાં પનસાનાં કોશા ભોગોઅભ્ય વિશ્વાસ્ય ॥

'જેમ ફણસ-પનસ (પાઇનેપલ) ફળનો દેખાવ બાહ્ય સૌંદર્ય માણસને પોતાના મધુર રસ વડે આકર્ષિત કરે છે પરંતુ તે ફળ હાથમાં લેતાં જ તેના ઉપર રહેલા કાંટા પીડાજનક બને છે. એવી જ રીતે દુર્જનોની વાણી-તેનો ખજાનો - તેની મધુરવાણીથી આપણને આકર્ષિત તો કરે જ છે ખેંચે છે પણ તેની નજીક જવાની - તેની સાથે જે અનુભવ થાય તે કાંટા જેવી જ પીડા હૃદયમાં જન્માવે છે. અર્થાત દુર્જનની મીઠી વાણીથી આકર્ષિત લોકોને તેના સ્વભાવ, આચરણના ખરાબ અનુભવ પણ તરત મળે છે.'

દુષ્ટ-દુર્જન-લુચ્ચાં લોકોના બોલવામાં મિઠાશ અને દંભ હોય છે ખાલી-ખોટો વિવેક અને અસ્વાભાવિક આચરણ દ્વારા પ્રથમ દૃષ્ટિ એ તો આવાં લોકો સજ્જન અને સમજુ બુદ્ધિમાન લોકોને પણ છેતરી-ભોળવી, બનાવી જાય છે પણ પ્રસંગોપાત થતા અનુભવોથી એમનો બાહ્ય સ્વભાવ-દેખાવ-દંભ ખૂલ્લો પડી જાય છે અને આંતરિક ભાવ જાહેર થઇ જાય છે. આવા અંચળા ઓઢી આગળપાછળ થતાં સ્નેહીજનોથી સાધવ રહેવું.

સુવિચાર

- ફરિશ્તે સે બહેતર હૈ ઇન્સાન બનના..
  મગર ઇસ મેં પડતી હૈ મેહનત ઝયાદા... - **જોશ ઇલાહાબાદી**
- સારૂં યાદ રાખવાનું શ્રેષ્ઠ ઇનામ એ છે જે મળે છે જેની પાસે નબળું ભૂલી જવાની કળા હોય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- એક વાતનું સતત સ્મરણ રાખજો કે અન્ય પર આપણે કરેલા ઉપકારોની સંખ્યા કરતા આપણે લીધેલા અન્યના ઉપકારોની સંખ્યા અનેકગણી વધુ છે - **મુનિ ચંદ્રશેખર વિજયજી**
- સત્યમાંથી સ્વપ્ન તરફ સરકવું તેનું નામ 'સંસાર' છે, તો સ્વપ્નમાંથી સત્ય તરફ સરકવું તેનું નામ 'સત્સંગ' છે - **ધર્મસૂત્ર**
- હકની ચીજ પણ જતી કરવી જે તૈયાર છે આજેય રામ બનવાના માર્ગે છે.. અને હરામની ચીજ ઝુંટવવા જે તૈયાર છે તે રાવણ બનવાના માર્ગે છે - **અમૃતબિંદુ**
- કારેલામાં ગોળ નાખી કારેલાની કડવાશ ઓછી કરી શકાય છે તો પાપવૃત્તિઓમાં ધર્મના અભિગમને દાખલ કરી પાપવૃત્તિઓ તોડી પણ શકાય છે - **સંત રોબિન**
- જેના પર હૃદયનો ખરો 'ભાવ' હોય છે, એનું કામ કરતાં આપણને ક્યારેય 'ભાર' નથી લાગતો - **ડોંગરેજી**

- (સંકલન : દીપક વી. આસરા)

બોધ કથા

ઉત્કૃષ્ટ શિલ્પકાર હોય જે ઉત્તમ મૂર્તિનું સર્જન કરે છે, ઉત્તમ સંગીતકાર જે ઉત્તમ ગીત કે કોઇ વાંજિત્ર અદ્‌ભૂત રીતે વગાડી શકે છે, કોઇ ઉત્તમ કલાકાર જીવંત અભિગમ આપી શકે, કોઇ ચિત્રકાર શ્રેષ્ઠ ચિત્રનું સર્જન કરી શકે - એમાં એની કોઇ કારીગીરી કે કલાકારી નથી - પણ કોઇ એક 'ઇશ્વરીય' સંવેદના એમના ચિત્ત-હૃદયને એવાં ઉત્તમ સર્જનની આંતરિક પ્રેરણા આપે છે અને સર્જન થઇ જાય છે સાચો કલાકાર આ વાતને સમજપૂર્વક સ્વીકારે છે.

વિશ્વવિખ્યાત વાયોલિન વાદક યહુદી મેનુહીન બિથોવનનું શ્રેષ્ઠ સંગીત પોતાના વાયોલિન પર વગાડ્યું ત્યારે પત્રકારોએ એમને પુછ્યું તમે આવું દૈવી-અદ્‌ભૂત સંગીત વાયોલીન પર કેવી રીતે વગાડી શકો છો? જે હૃદયના તાર ઝણઝણાવી નાખે છે એના માટે તમે કેવું-કેટલું ચિંતન-રિયાઝ કરો છો?!

ત્યારે બિથોવને તેમને ખુબ જ સહજભાવે સરળ જવાબ આપ્યો. મારા મન-હૃદયમાં સુંદર સંગીતના ઉત્તમ સૂર પડ્યા જ હતા. શ્રેષ્ઠ વાયોલિન અને શ્રેષ્ઠ બો (વાયોલિન વગાડવાનું સાધન) મળ્યું મારું કામ તો આ ત્રણેયને ભેગાં કરીને વચ્ચેથી ખસી જવાનું જ હતું...

Email - sureshchandrabhatt18@gmail.com

એકાદ અઠવાડિયા સુધી માંકડુ હરણોદ્યાનનું મહેમાન બન્યું, સહેલાણીઓના આકર્ષણનું કેન્દ્ર એ બન્યું હતું, બાળકોને તો એ ખુબ ગમતું, પણ તેને જંગલમાં છોડી મુકવાના આશયથી અમે વીરેશ્વર લઈ જવાનું નક્કી કર્યું

બપોરનો સમય હતો. દૂરથી એક મોટર સાયકલને ધૂળ ઉડાડતી આવતી જોઇ હું જરા અટક્યો. તે મોટર સાયકલ નજીક આવી અને મારી પાસે જ ઊભી રહી. મારું ધ્યાન મોટર સાયકલની પેટ્રોલની ટાંકી પર બેસી રહેલ માંકડા પર પડ્યું. એટલે મેં તરત આગતુંકને પુછયું.

'આને કયાંથી લાવ્યા?' 'બે-ત્રણ દિવસથી મારી હોટલ પર આવ્યું છે. જૂઓને મારાથી કેવું હેવાયું થઇ ગયું છે.' 'સાચી વાત છે પણ જંગલનું પ્રાણી જંગલમાં રહે એ જ સારું. તમે અહીં કેમ લાવ્યા?' 'હું અહીં એને મુકવા જ આવ્યો છું.' 'કેમ?'

'વાત જાણે એમ બની કે રાતના સમયે પસાર થતી ટ્રકમાં બેસીને આ કયાંકથી આવી ગયું. ટ્રક અમારી હોટલ પાસે ઉભી રહી હશે એટલે એ અહીં ઉતરી તો ગયું પણ પછી જ તેની મુશ્કેલી શરૂ થઈ.' 'તમારી હોટલ કયાં છે?'

'ચિલોડા હાઇવે પર, મારું નામ મોહનભાઈ છે. આ માકડું પહેલાં તો અમારી હોટલની સામેના લીમડા પર આંબલીના ઝાડ પર કુદાકુદ કરતું અમે એક બે વખત જોયેલું. આપણે ત્યાં કાલા મુખવાળા વાંદરા તો જોવા મળે છે. પણ આ કંઇક અલગ છે. હાં ઘણી વખત મદારીઓ પાસે આવા માંકડાં જોયેલા પણ હમણાં તો ઘણાં સમયથી જોવા મળતા નથી.'

'મોહનભાઈ તમારી વાત સારી છે. પહેલા મદારીઓ માંકડા પાળીને તેની પાસે નાચગાન કરાવતાં પણ માંકડાના ખેલ પર પ્રતિબંધ આવી જતાં હવે તે જોવા મળતાં નથી.'

'હાં સાહેબ તમે જે પ્રતિબંધની વાત કરો છો ને એ જ મને જંગલ ખાતાને એક ચોકીદાર કરતા હું અહીં મુકવા આવ્યો છું. તેણે જ કહેલું કે હરણોદ્યાનમાં મુકી આવો.' મોહનભાઈ બોલ્યા.

'તમે તેને પાળવાની કોશિશ કરેલી?'

'ના, પણ આ તો જબરજસ્તી વળગી પડ્યું છે. પેલી કહેવત છે ને કે નમાજ પઢવા જતાં મસીદ કોટે વળગે એમ.'

'એવું કઇ રીતે થયું?'

'મેં તમને અગાઉ કહ્યું એમ. કોઇ ટ્રક પર બેસીને આ આવી ગયેલું. ટ્રકના ડ્રાઇવર કલીનર ચ્હા પાણી પીવા અણારી બજરંગ રેસ્ટોરન્ટ પર રોકાયેલા. ત્યારે આ ઉતરીને સામેના લીમડા પર ચડી ગયું હશે. અમને તો અજવાળું થયું ત્યારે ખબર પડી.' મોહન ભાઈ વાત કરતા હતા ત્યારે માંકડુ ધ્યાનથી અમારી બંનેની વાત સાંભળતું હોય એમ લાગ્યું. તે વારંવાર ખજવાળતું અને અમારી તરફ જોયું હતું.

'પછી શું થયું?' મેં પુછ્યું.

બન્યું એવું કે આપણે ત્યાં જોવા મળતા કાળા મોઢાવાળા રાખોડી રંગના વાંદરાઓનું એક ટોળું એ લીમડા પર આવ્યું. તેથી બંને વચ્ચે ઝગડમ ઝગડી થઈ એટલે આ માંકડું આમથી તેમ દોડવા લાગ્યું. ઝાડ ઉપરથી કુદીને નીચે આવતાં કુતરા તેની પાછળ પડ્યા એટલે એ મારી હોટલમાં આવીને ઘુસી ગયું. મેં અને મારા માણસોએ તેને વાંદરા અને કુતરાંથી બચાવી લીધું. એ વખતે તે ખુબ જ ગભરાયેલું હતું. એકાદ દિવસ તો એણે પાણી પણ ન પીધું અને ખોરાક તો કંઇ ખાય જ નહીં. અમને તો ખબર જ નહીં કે આનો ખોરાક શું હશે?

'આ માંકડાને **Rhesus macaque** કહેવાય છે. આ વાંદરાની એક જાત જ છે. મર્કટ તરીકે જાણીતો અને કદમાં નાનો હોય છે.'

'અમે તો આને બચ્ચું માનતા હતા. અમે એનું નામ વામન પાઠવ્યું છે. તેને કેળવા બહુ ભાવે છે.' 'જો હું આમ તો આ મિશ્રાહારી પ્રાણી છે તે ફળફૂલ કે પાંદડાં સિવાય જીવડા, ઈયળો અને કરોળિયા પણ ખાય છે. પોતાનો ખોરાક એ ઝડપથી ખાઇ જાય છે અને જરૂર જણાય તો વધારાનો ખોરાક મોઢામાં સંગ્રહ કરી લે છે.'

અમારી વાત ચાલતી હતી ત્યાં કેતનભાઈ આવ્યા. તે વન્યજીવો પર સંશોધન કરે છે. તેમને આ માંકડાને જોઇને નવાઈ લાગી તેમનું કહેવું એવું હતું કે બોનેટ માંકડુ અને આ જે માંકડુ છે. તે મોટેભાગે દક્ષિણ ભારતમાં જોવા મળે છે. ઉત્તર ભાતરમાં તેની હાજરી નોંધાઈ નથી. આપણે ત્યાં જોવા મળતા હનુમાન વાંદરા કરતાં કદમાં એ નાના હોય છે. તેમની પાસે અમે પણ નિરીક્ષણ કર્યું કે લાલ પડતા કથ્થાઈ રંગના વાળ વાળી ચામડી, મધ્યમ લંબાઈની પુંછડી જે મોટા ભાગે ઉભી રાખે છે. પાછળ તરફ વળેલા કપાળ પરની વાળ વચ્ચે પાંથી જોવા મળતી નથી. તેની પુંછડીના શરૂઆતના ભાગની નીચે તરફનો ગુદા પાસેનો ભાગ લાલ રંગનો હોય છે. ઘણા ધાર્મિક સ્થળોએ લોકો દ્વારા નાંખવામાં આવતા ખોરાકને લીધે તેમનું પ્રમાણ તેવા સ્થળોએ વધી ગયું છે. માણસ પ્રત્યેનો ભય દૂર થયો છે. ક્યારેક તે હિંમતપૂર્વક હાથમાંથી ચીજવસ્તુઓ ઝૂંટવી પણ લે છે. માંકડાં તેમના ગાલમાં મોટી કોથળી જેવી જગ્યામાં વધારાનો ખોરાક સાચવી રાખે છે.

અમે વાતો કરતા હતા ત્યાં માકડું જુદા જુદા અવાજો કરવા લાગ્યું એટલે કેતનભાઈએ કહ્યું આ માંકડા પરસ્પર સંદેશા વ્યવહાર માટે આવા જુદા જુદા અવાજો કરતા હોય છે.

'પણ અહીં તો બીજા માંકડા છે નહીં.' મોહનભાઈએ પુછ્યું.

'એ આપણી વાતો પણ સમજી શકતા હોય છે. જૈવિક સંશોધનોમાં આ પ્રાણીનો મોટા પ્રમાણમાં ઉપયોગ થાય છે. એક સંશોધન મુજબ માનવ અને આ માંકડાના નવ્વાણુ ટકા જીન્સ મળતા આવે છે. લોહીમાં આર.એચ. ફેક્ટર આવે છે. તે આ વાનરમાં શોધાયું હતું. તેના આધારે આપણા લોહીનું ગ્રુપ જાણી શકાય છે.'

મોહન ભાઈ તો આશ્ચર્યથી કેતનભાઈની વાતો સાંભળી રહ્યા હતા. ત્યારે મેં પુછ્યું 'આ માંકડા જંગલ વિસ્તારોમાં કયાં જોવા મળે છે?'

સામાન્ય રીતે ડુંગરાળ વિસ્તારમાં જોવા મળતું આ પ્રાણી ડાંગ, શૂલપાણેશ્વર, વાંસદા, રતમહાલ સહિતના દક્ષિણ ગુજરાતના વિસ્તારોમાં જોવા મળે છે. આ વાંદરા પણ ટોળામાં જ રહે છે. અને પાણીમાં ખૂબ સારી રીતે તરી શકે છે.' કેતનભાઈએ કહ્યું.

'તો હવે મારે આનું કરવું શું?' મોહનભાઈએ પુછ્યું. 'તમે તો શું કરવાના, જે કરવું હશે તે અમે કરીશું?' કેતનભાઈ એ કહ્યું. 'આપણે તેને અહીં પાંજરામાં રાખીએ તો?' મેં પ્રશ્ન કર્યો.

'રાખી શકાય, પણ મારું તો એમ માનવું છે કે તેને જંગલમાં છોડી દેવું જોઇએ.' 'મને પણ એમ જ લાગે છે. પણ હું તો છોડવા જતો હોઉં ને મને કોઇ પકડે તો? તમે અહીં જ રાખી લો.' કહેતાં મોહનભાઈ એ મારા તરફ જોયું.

'એમ કરો બે ચાર દિવસ રાખો પછી કયાંક જંગલમાં છોડી દેવાની વ્યવસ્થા કરજો.' અમારી આ વાતો ચાલતી હતી ત્યાં ગોવિંદભાઈ ડ્રાઈવર આવ્યા. તેમને આવતાં વેંત કહ્યું. 'સાહેબ આવાં માંકડાં વીરેશ્વરમાં છે. આપણે આને ત્યાં જ મૂકી આવીએ તો.'

'એવું પણ બને, સારું મોહનભાઈ તમે આને મુકી જાવ. અમે તેની વ્યવસ્થા કરીશું. આમ પણ આ હરણોદ્યાન ઘાયલ, ભૂલા પડેલાં, બિમાર પ્રાણીઓનું આશ્રય સ્થાન છે, તમે તેને અહીં લાવ્યા તે માટે તમારો ખુબ ખુબ આભાર.'

'સાહેબ એક જીવ બચી જતો હોય તો એવી સેવા કરવાનું મને ગમે છે. જો કે વામન કેટલાય દિવસોથી અમારી સાથે ખૂબ સારી રીતે હળી ગયો છે. પણ મને લાગે છે કે એ એની અંદર ટોળી સાથે જ સારી રીતે રહી શકે. લે વામન નીચે ઉતર તારે અહીં જ રહેવાનું છે.' મોહનભાઈએ કહ્યું એટલે માંકડું નીચે ઊતરી ગયું અને ચારેબાજુ જોવા લાગ્યું. અહીં કદાચ તેને જંગલ જેવો માહોલ જોવા મળી રહ્યો હતો. પણ અહીં છૂટું તો તેને રાખી શકાય નહીં તેથી કેર ટેકરને સુચના આપતાં તેણે તેને નાના પાંજરામાં પૂર્યું અને પલાયેલા ચણા આપ્યા. પાંજરામાં પુરવાથી થોડીવાર માટે તો માંકડાએ ખૂબ ધમાલ કરી. મોહનભાઈનો જીવ આ જોઈને બળવા લાગ્યો હોય એવું મને લાગ્યું. કેમ કે ત્રણ-ચાર દિવસથી એમની વચ્ચે માયા બંધાઈ ગઈ હતી. મેં તેમને આશ્વાસન આપ્યું કે અમે તમારા વામન ને સારી રીતે સાચવીશું અને જંગલમાં મુક્ત કરી દઈશું એટલે તે માંકડાને અમારી પાસે મુકી ને ગયા.

એકાદ અઠવાડિયા સુધી માંકડુ હરણોદ્યાનનું મહેમાન બન્યું. સહેલાણીઓના આકર્ષણનું કેન્દ્ર એ બન્યું હતું. બાળકોને તો એ ખુબ ગમતું. પણ તેને જંગલમાં છોડી મુકવાના આશયથી અમે વીરેશ્વર લઈ જવાનું નક્કી કર્યું.

ગોવિંદભાઈ ડ્રાઈવરે સવારમાં ટ્રક લાવીને મુકી. તેમાં પાંજરું ગોઠવ્યું. તેના માટે પાણી અને ખોરાકની વ્યવસ્થા પણ અમારા પાર્ક કીપરોએ કરેલી. અમે તેને લઈને નીકળ્યા. ચિલોડા આવતાં મને મોહનભાઈ યાદ આવ્યા. અમે તેમની હોટલ પાસે થોડીવાર રોકાયા. અમને જોઈને મોહનભાઈ દોડતા આવ્યા. તેમણે તેમના વામનને કેળાં મંગાવી ખવડાવ્યા પછી ખૂબ જ ભાવ વિભોર થઈ ગયા. તેમની આંખમાં આંસુ આવી ગયાં. 'બેટા વામન જા જંગલમાં ખુબ સુખી થજે.' એવું કંઈક તેમના ચહેરા પર અમે અનુભવ્યું.

વીરેશ્વર આવીને પાંજરુ ખોલ્યું એટલે માંકડું નજીકના ઝાડ પર ચડી ગયું. અમે થોડીવાર ત્યાં રોકાયા. તે દરમિયાન તેને નજીકમાં પાણીના શ્રોત અને ખોરાક મળી રહેશે કે કેમ? તે અંગે મેં તપાસ કરી. પણ અમે જયાં ટ્રક ચાલુ કરીને પાછા નીકળતા હતા ત્યાં ગોવિંદભાઈનું ધ્યાન પડ્યું. તેમને સાઈડ ગ્લાસમાંથી જોયું તો માંકડું ટ્રકમાં ચડી ગયું હતું. અમે ત્યાં બે ત્રણ કલાક રોકાયા. તેને વીરેશ્વરના મંદિરના પાછળના ભાગે જયાં કુદરતી ઝરણું છે ત્યાં લઈ ગયા. મંદિરના સાધુ મહારાજ પણ માંકડાને જોઈ ખુશ થયા. તે જામફળ અને બોર લઈ આવ્યા.

વામન જામફળ અને બોર ખાવામાં વ્યસ્ત હતું ત્યાં અમે તેને મુકીને રવાના થઈ ગયા. મંદિરના મહંતે અમને આશ્વાસન આપેલું કે બીજાં પણ માંકડા અહીં આવે છે. તેની સાથે તેને અહીં ફાવી જશે.

(ક્રમશઃ)

જેમનાં હૃદયમાં શિક્ષણ, સાહિત્યની સરવાણી વહે છે તેવા નિવૃત્ત છતાં પ્રવૃત્ત સાબરકાંઠાના અમીચંદભાઇ પટેલ

મોંઘેરા મોતી

- નટવર આહલપરા

અઠ્ઠયોત્તેર વર્ષની વયે પણ જેમનાં હૈયે શિક્ષણ, સાહિત્ય અને સેવાની સરવાણી વહી રહી છે તે સ્વજનનું નામ છે અમીચંદભાઇ શામળદાસ પટેલ. તા.૨૧-૧૦-૧૯૩૬ નવા, તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા. અર્થસાસ્ત્ર વિષયમાં ૧૯૬૨માં એમ.એ.ની પદવી ગુજરાત યુનિ.થી મેળવી હતી. પછી તેઓ વિદ્યાર્થી મટી પ્રાધ્યાપક પદે ૧૯૬૨ થી ૧૯૬૯ સુધી ગુજરાત વિદ્યાપીઠમાં ત્યારબાદ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, હિંમતનગર ખાતે ૨૭ વર્ષ સેવા આપી. ૩૪ વર્ષના શિક્ષણયાત્રામાં તા. ૨૧-૧૦-૧૯૯૬ના રોજ પ્રિન્સિપાલ પદેથી નિવૃત્ત થયાં.

તેઓની સમાજસેવાને બિરદાવીએ તો :-

- નિષ્ણાત - સાબરકાંઠા જિલ્લા આયોજન મંડળ (૧૮ વર્ષ)
- નૈતિક પ્રવચનકાર, સાબરકાંઠા ડીસ્ટ્રીક્ટ સબ જેલ, હિંમતનગર (૩ વર્ષ)
- સેનેટ સભ્ય, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ
- સદસ્ય, સાબરકાંઠા જિલ્લા પ્રૌઢ શિક્ષણ સમિતિ
- સલાહકાર - શિક્ષણ અને તાલીમ ભવન, ઇડર, જિ. સાબરકાંઠા
- અનુસ્નાતક વ્યાખ્યાતા - મોડાસા, ઇડર, હિંમતનગર (૨૫ વર્ષ)
- એન.એસ. એસ. પ્રોગ્રામ ઓફિસર - ૧૯૭૦ થી ૧૯૯૬ (૨૭વર્ષ)
- સદસ્ય - એન.એસ.એસ. સલાહકાર સમિતિ, ગુજરાત યુનિવર્સિટી તથા ઉત્તર ગુજરાત યુનિવર્સિટી.
- સદસ્ય, અર્થશાસ્ત્ર અભ્યાસ સમિતિ, ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ
- સહસંપાદક વિદ્યાપીઠ, દ્વિમાસિક, ગ્રામ અર્થશાસ્ત્ર વિશેષાંક - જુન-જુલાઇ ૧૯૬૬
- સંપાદક : 'હાથમતી' કૉલેજ વાર્ષિક અંક, આર્ટસ એન્ડ કોમર્સ કૉલેજ, હિંમતનગર
- સંપાદક 'કણબીદર્શન' (૨૦૧૨ થી...)
- માર્ગદર્શક : ભીંતપત્રો, (અ) આયોજન વર્તુળ (બ) ગાંધી વિચાર વર્તુળ (ક) સહકારી સ્ટડી ફોરમ
- માર્ગદર્શન : પરિવાર પરિચય પુસ્તિકા - ૨૦૧૩ (સાતગામ લેઉવા પાટીદાર સમાજ, હિંમતનગર

અમીચંદભાઇ ૫૦ વર્ષથી ગુજરાતી સામયિકોમાં લેખન કાર્ય કરે છે. આકાશવાણી અમદાવાદથી યુવા કાર્યક્રમો, સહકાર, ગાંધીવાદી અર્થકારણ, વૃક્ષારોપણ, આરોગ્યશિક્ષણ, સ્ત્રીશક્તિકરણ, પર્યાવરણ વ. વિષયો રજૂ થયા છે. સાક્ષરતા અભિયાન સાબરકાંઠા ટી.વી. કાર્યક્રમ પ્રસ્તુત થયાં છે. ઉપરોક્ત વિષયો તેમના શોખના વિષયો છે.

તેઓને (૧) ગુજરાત રાજય સહકાર સંઘ, અમદાવાદ (૨) આપણું સાબરકાંઠા, પ્રાંતિજ ૧૯૬૧-૧૯૮૬ રજત જયંતિ પ્રસંગે ચિંતન લેખ અંગે સન્માનપત્ર તેમજ એવોર્ડ મળ્યાં છે.

'ભવોદધિ' માસિકમાં ગ્રંથોની સમીક્ષા પ્રગટ થઇ છે. ગુજરાતના પ્રમુખ દૈનિકોમાં ૫૦ જેટલાં ચર્ચાપત્રો પ્રકાશિત થયા છે.

વરિષ્ઠ સાહિત્યકારો, સમીક્ષક રાધેશ્યામ શર્માએ તેમની લોકપ્રિય કોલમ 'સાક્ષરજન તો તેને કહીએ' માં તા. ૦૩-૦૬-૨૦૧૨ ના રોજ અમીચંદભાઇ વિષે પરિચય આપ્યો હતો. અમીચંદભાઇના પાંચથી વધુ પુસ્તકો થયાં છે.

સામાજિક કુરૂઢિનું ખંડન કર્યાનો નોંધપાત્ર પ્રસંગ :

- બંને દીકરાઓને સમૂહલગ્નમાં જ પરણાવ્યા.
- જ્ઞાતિની 'ગોળ' પ્રથાની નાબૂદી.
- બાળલગ્ન-નાબૂદી

તંત્રી - સંપાદક તરીકેનો અનુભવ :

(૧) 'વિદ્યાપીઠ' ગ્રામઅર્થશાસ્ત્ર વિશેષાંક (૧૯૬૬)

(૨) 'હાથમતી' આર્ટ્સ - કોમર્સ કૉલેજ, હિંમતનગર (૧૧ વર્ષ)

અમીચંદભાઇ પ્રેરક અવતરણ આપતા કહે છે કે, 'યુવાનો જીવનવીર બનો અને બનાવો' ભાવિ જગત મને ગાંધીજન તરીકે સ્મરે તે ગમશે.

સાદગીને જ બંદગી માનનાર, એક જમાનાના સાયકલ સવાર, ખાદીચાહક પટેલ - પ્રિન્સીપાલ અમીચંદભાઇ હાલ પદયાત્રા કરી પગના ટાયરનો જ વાહન લેખે ઉપયોગ કરે છે!

આ સાક્ષરની કારકિર્દીનો કાર્ડિયોગ્રામ કયો મુખ્ય સંકેત સંદેશ ચીંધે?

ગાંધીજન લેખે જીવનાર જી. જીવનની તળ વાસ્તવિકતાનો અંદાજ મેળવીને એક યાગદાર ગ્રંથ લખી શકે. અને તે ગ્રંથ છે 'ગાંધીજીનો દષ્ટિકોણ'.

પ્રસ્તુત પ્રકાશનમાં શુમાકર, જિબ્રાન જેવા ચિંતકોનો પરોક્ષ કે સીધો પ્રભાવ હોવાનો પૂરો સંભવ છે, કેમ જે ગાંધીજી પણ 'અન ટુ ધી લાસ્ટ' છેવાડાના જણના કલ્યાણ માટે ચિંતિત હતા ને!

'બે રૂપિયાની બાદશાહી', 'માનવદેહે ઝળહળે દેવ', 'દેહરૂપી ઘડિયાળનું જતન' જેવા લેખશીર્ષકો લેખકના વિચાર વલણની દિશાનો ખ્યાલ આપે છે.

'બન્યુ એ ન્યાય' ચિંતન લેખનું હેડિંગ, 'અક્રમ-વિજ્ઞાની' દાદા ભગવાનના વિખ્યાત ભીંતસૂત્ર 'બન્યું એ ન્યાય' પરથી સૂઝ્યું છે. એ સાથે લેખના આરંભે આદિલ મનસૂરીના બે શેર પર પેશ કર્યા છે.

(૧) આમ તો હરદમ હજૂરી હોય છે, આપણા દિલમાં જ દૂરી હોયે.
(૨) ધોમધખતા રણ વિશે ચિંતા ન કર, રણની વચ્ચે પણ ખજૂરી હોય છે.

કોઇ પણ પ્રતિકૂળ પરિસ્થિતિની સહજ સ્વીકૃતિ માટે લેખક ટેનિસનના પોઝિટિવ વિધાનને ટાંકે છે :

'Oh ! Yet we trust that somehow, good will be the final goal of ill'

૭૭ પાર કરી ચૂકેલા આચાર્ય નોકરીમાંથી ભલે 'રિટાયર' થયા પણ વિધાયક દષ્ટિકોણના પ્રચારક વિચારક રૂપે 'ટાયર્ડ' થયા નથી! સદસ્ય, સલાહકાર, નિષ્ણાત, નૈતિક, પ્રવચનકાર, માર્ગદર્શન રૂપે તે સતત શૈક્ષણિક તેમજ સામાજિક ક્ષેત્રે પૂર્વવત હજૂ પણ હિંમતભેર વિભિન્ન રોલમાં સેવા આપી રહ્યાં છે. એમનું સાક્ષરત્વ અક્ષરની આલમથી અધિક રોજબરોજના કાર્યક્ષેત્રે જીવતું જાગતું રહ્યું છે.

અમીચંદભાઇની સ્વસ્થતા, પ્રસન્નતા કાયમ ટકી રહી તેવી શુભેચ્છાઓ.

સંપર્કસૂત્ર :
૫૧, લક્ષ્મીનારાયણ સોસાયટી, મહાવીરનગર, મુ. હિંમતનગર, જિ. સાબરકાંઠા, પીન - ૩૮૩૦૦૧
ફોન (૦૨૭૭૨) - ૨૩૫૦૦૨

ખુદ ચકીં હોતા નહીં જિનકો અપની મંઝિલ કા, ઉનકો રાહ કે પથ્થર કભી રાસ્તા નહીં દેતે

વિચારયાત્રા

- ડો. જય ઓઝા

બે ભગવાન પણ તદન એકબીજા જેવા નથી હોતા તો પછી બે માણસ ક્યાંથી એકસરખા હોવાના? દરેક માણસનું એક વજૂદ છે. દરેક માણસ સ્પેશિયલ છે. દરેક માણસ વિશિષ્ટ છે. તમે પણ જુદાં છો. તમારામાં પણ એવું કંઈક છે જે કોઈનામાં નથી. બે સંત પણ એકસરખા નથી હોતા અને બે ખૂની પણ ક્યાં એકસરખા હોય છે? દરેકની પોતાની ખૂબી હોય છે. તમને ખબર છે તમારામાં શું ખૂબી છે? ઘણાંને એ ખબર હોય છે અને ઘણાંને એ ખબર નથી હોતી! જો તમને જ તમારી ખબર નહી હોય તો કોઈને ક્યારેય ખબર પડવાની નથી.

તમારે સફળ કે મહાન બનવું છે? તો એક રસ્તો સાવ સીધો અને અત્યંત સરળ છે. તમે જે કરતા હોવ એ પ્રામાણિકતાપૂર્વક અને ખંતપૂર્વક કરતા રહો. વહેલી કે મોડી સફળતા તમારી નજીક સરકીને આવી જ જશે. જે કરો છો એને છોડી ન દો. જે કરો છો એને અધૂરું ન મૂકો. સતત કરતા રહો. જૂના સમયની એક વાત છે. એક વેપારી હતો. ગામમાં સારી નામના અને ધંધો ધરાવતો હતો. તેનો દીકરો મોટો થયો. દીકરાને થયું કે મારે પણ પિતાના જેવું જ નામ કાઢવું છે. પિતાને કહી એ ધંધા પર કામે લાગ્યો. દીકરો ચંચળ હતો. બપોર થાય એટલે થોડી વાર ઘ ખેંચી લે. સાંજ પડે એટલે મિત્રો સાથે રમવા ચાલ્યો જાય. પિતા તેના દરેક વર્તન પર નજર રાખતા હતા. એક દિવસ પિતાએ કહ્યું કે, તું ગમે તે એક કામ કર. કાં રમ, કાં ભણ અને કાં ધંધા પર કામ કર. પિતાએ પછી એક જ સલાહ આપી કે દીકરા, સારા વેપાર માટે થડો તપવો જોઈએ. થડો ત્યારે જ તપે જો આપણે સતત થડે બેઠા રહીએ. શ્વાસ સતત ચાલે છે એટલે જ જિંદગી છે. શ્વાસ વચ્ચે થોડી વાર અટકી જાય તો? જે કોન્સ્ટન્ટ છે એ જ સત્ય છે અને જે સત્ય છે એ જ સનાતન છે.

માણસ સતત કંઈ કરતો રહે તો જ એ અપડેટેડ રહી શકે છે. હમણાં એક વેલનોન ડોક્ટરને મળવાનું થયું. એ તેના ફીલ્ડમાં એક્સપર્ટ છે. તેમને સફળતાનું કારણ પૂછયું. તેમણે કહ્યું કે મારી સફળતાનો રાઝ બહુ સીધો સાદો છે. હું રોજ અભ્યાસ કરતો રહું છું. મેડિકલ હોય કે બીજું કોઈ પણ ફીલ્ડ હોય, દરરોજ નવાં નવાં પરિવર્તનો આવતાં રહે છે. તમારે એ પરિવર્તનો સાથે જીવવું પડે છે. હું દરરોજ છ કલાક દવાખાનામાં પ્રેક્ટિસ કરું છું અને દરરોજ ચાર કલાક વાંચું છું. માણસ દરરોજ ગ્રો થાય છે, તેની સાથોસાથ નોલેજ પણ ગ્રો થવું જોઈએ. આગળ રહેવા માટે તમે અટકી ન શકો. અટકે છે એ જ ભટકે છે.

તમારે સફળ બનવું હોય તો પહેલાં પોતાના જેવું બનવું જોઈએ. નક્કી કરો કે મારે મારા જેવું જ બનવું છે. તમારી ખૂબી તપાસો. તમારી ખામી પણ તપાસો. આ ખામીને કઈ રીતે ઓવરકમ કરવી એ શોધી કાઢો. બે મિત્રો હતા. એકની યાદશક્તિ જબરદસ્ત હતી. બીજાને બહુ યાદ રહેતું નહોતું. પહેલો મિત્ર સતત આગળ રહેતો. બીજા મિત્રએ વિચાર્યુ કે એની ખૂબી શું છે? યાદશક્તિ એ એની ખૂબી છે. મને યાદ રહેતું નથી એટલે હું તેનાથી પાછળ રહું છું. મારે આ ખામી કઈ રીતે સુધારવી? હું યાદશક્તિ તો વધારી ન શકું. તેણે રસ્તો શોધી કાઢયો. જે યાદ રાખવાનું હોય તે એક ડાયરીમાં ટપકાવી લે અને જરૂર પડે ત્યારે તેને યાદ કરી લે. તેણે કહ્યું કે યાદ ન રાખી શકવાનો તોડ મેં એવી રીતે શોધ્યો કે જે યાદ ન રહેતું હોય તેને ભૂલવા જ ન દેવું! તમને તમારી ખામી ખબર છે? સફળતા માટે ખૂબીની સમજ કરતાં ખામીની ઓળખ હોય એ વધુ જરૂરી છે. ખબર હશે તો જ તમે એ ખામીને દૂર કરી શકશો.

તમારામાં જે ખામી હોય એ ખુલ્લા દિલે સ્વીકારી લો અને તેને દૂર કરવાના પ્રયત્નો કરો. મશહૂર ફિલ્મ અદાકાર નસીરુદીન શાહે કરેલી આ વાત છે. નસીરુદીને કહ્યું કે હું જયારે ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં આવ્યો ત્યારે સતત મને એમ થતું કે હું ફિલ્મમાં કેવી રીતે ચાલુ? મારો તો ક્યાંય ગજ જ ન વાગે! નથી મારા દેખાવમાં કંઈ ઠેકાણાં, મારો ચહેરો પણ કોઈ સ્ટાર જેવો નથી, મારી હાઈટ પણ ઓછી છે, ડાન્સ પણ કંઈ મને બહુ આવડતો નથી. આપણે ફિલ્મોમાં નહી ચાલીએ! આ વિચાર જ મને આડે આવતો હતો, મને રોકતો હતો. એક દિવસે સવારે મેં વિચાર કર્યો. મારી જાતને જ કહ્યું કે ભાઈ નસીરુદીન, તારી પાસે જે છે એનાથી જ તારે કામ ચલાવવાનું છે. તું તારાં રૂપ, રંગ અને આકારને બદલી નહી શકે એટલે એની ચિંતા છોડ. તું જે બદલી શકે છે તેના પર ધ્યાન આપ. મેં પછી એક્ટિંગમાં પ્રાણ રેડવાનું શરૂ કર્યુ. મેં નક્કી કર્યુ કે હું જે કંઈ કરીશ એ દિલથી કરીશ, મારી તમામ તાકાત અને બધી જ આવડત નિચોવી નાખીશ. બસ, હું એ કરતો રહ્યો અને અત્યારે જયાં છું ત્યાં સુધી પહોંચ્યો. જો હું મારી જ ખામીઓમાંથી બહાર આવ્યો ન હોત તો હું જે છું એ બની શક્યો ન હોત. અમિતાભ જેવા દેખાવાથી અમિતાભ બની જવાતું નથી!

ગાંધીજીએ જયારે આઝાદી માટે લડત શરૂ કરી ત્યારે એમને ખાતરી હતી કે દેશને એક દિવસ આઝાદી મળી જ જશે? કદાચ નહોતી. તેમને એટલી ખબર હતી કે હું શરૂઆત કરીશ અને મારા પ્રયાસો ચાલુ રાખીશ તો કંઈક પરિણામ તો મળશે જ. ગીતામાં ભગવાન કૃષ્ણએ કહ્યું છે એને જ ગાંધીજી અનુસર્યા હતા કે કર્મ કર્યે જા. ફળની ચિંતા ન કર. ફળની ચિંતા ન કરવાનું ભગવાને એટલે કહ્યું છે કે ફળ તો મળવાનું જ છે. કોઈ કર્મ ફળ વગરનું હોતું જ નથી. ફળની રાહ ન જુઓ, ફળ માટે કંઈ ન કરો, કારણ કે એ તો મળવાનું જ છે. તમે બસ જે કરતાં હોય એ કરતાં રહો.

આપણે કોન્સ્ટન્ટ કંઈ કરતા નથી. બદલતા રહીએ છીએ. સફળતા ન મળે એટલે પડતું મૂકી દઈએ છીએ. માની લઈએ છીએ કે હવે આમાં સફળ નહી થવાય. શંકા જ સફળતાને અટકાવે છે. આપણા જેવું જ બનવું એટલે આપણી આવડતને વળગી રહેવું. આપણને ખબર હોય કે મેં મારી આ વસ્તુ અહી મૂકી છે તો આપણે અંધારામાં પણ એ શોધી લઈએ છીએ. ખબર ન હોય તો? તમને તમારી ખબર હોય તો તમે તમારી અંદર જે છે એને શોધી જ લેવાના છો. બીજાની ચિંતા ન કરો, બીજાની કોપી ન કરો, ઉદાહરણોને સમજો પણ ઉદાહરણોને આંખો મીચીને અપનાવી ન લો, તમારી વ્યાખ્યા તમે જ નક્કી કરો, તમારો રસ્તો તમે જ બનાવો, આખી દુનિયા કોઈએ બનાવેલા રસ્તે જ ચાલતી રહે છે અને એટલે જ મોટાભાગના લોકો મીડિયોકર બની જાય છે. કોઈ મહાન માણસ પહેલા ધડાકે સફળ નથી થયો, એ પોતાની ખૂબી શોધતા ગયા અને ખામીઓ દૂર કરતા ગયા. તમારે પણ તમારામાંથી તમને શોધવાના છે, એ મળી જાય તો જ તમે તમારા જેવા બની શકો. સફળતા 'યુનિક' હોય છે, માણસ પણ 'યુનિક' હોય છે. આપણને એટલો અહેસાસ હોવો જોઈએ કે હું પણ 'યુનિક' છું.